# આહવા-વઘઈમાં ચિઠ્ઠીથી પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગી

**આહવામાં** છેલ્લી ઘડીએ ડોન બેઠકના કોંગ્રેસના સભ્ય ભાજપના સમર્થનમાં આવતા ટાઇ થઈ ગઈ

**વઘઈમાં** પણ ચિઠ્ઠી ઉછાળી શાસકોને સુકાન સોંપાયું, સુબિરમાં ભાજપની સત્તા


ગિરીશ ભોયે

સાપુતારા: ડાંગ જિલ્લાની ત્રણેય તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી દરમિયાન રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો હતો. આહવા અને વઘઈ તાલુકા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સમાન મતો થતાં ટાઈની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે ચૂંટણી અધિકારીએ ચિઠ્ઠી ઉછાળી વિજેતાઓ નક્કી કર્યા હતા. જ્યારે સુબિર તાલુકા પંચાયતમાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ કબજે કર્યા હતા.

આહવા તાલુકા પંચાયત ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પહેલાં તાલુકા પંચાયત કચેરી બહાર ભારે રાજકીય ઘમાસાણ જોવા મળ્યું હતું. ભાજપ અને કોંગ્રેસનાં કાર્યકરો આમને-સામને આવી જતાં હોબાળો મચ્યો હતો અને સમગ્ર વાતાવરણ તંગ બન્યું હતું. આહવા તાલુકા પંચાયતની કુલ 16 બેઠકમાંથી કોંગ્રેસે 9 બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી મેળવી હતી, જ્યારે ભાજપે 07 બેઠકો મેળવી હતી. જોકે અંતિમ ઘડીએ ભાજપે કોંગ્રેસના ડોન બેઠક વિસ્તારની સભ્ય કાજલબેન ચૌર્યાને પોતાના સમર્થનમાં લઈ ભાજપા અને કોંગ્રેસનું સંખ્યાબળ 08-08 પર આવી પહોંચ્યું હતું. જેથી અહીં ટાઈની સ્થિતિ સર્જાતા ચૂંટણી અધિકારીએ ચિઠ્ઠી ઉછાળી નિર્ણય કર્યો હતો. જેમાં પ્રમુખ પદ માટે કોંગ્રેસના વિણાબેન જયરામભાઈ ગાંગુર્ડેની પસંદગી થઈ હતી, જ્યારે ઉપપ્રમુખ પદ ભાજપના ભુપેશભાઈ લક્ષ્મણભાઈ પવારને વિજેતા જાહેર કર્યા હતા.

અહીં વઘઈ તાલુકા પંચાયતમાં ચિઠ્ઠીનાં નસીબે ભાજપને પ્રમુખ અને કોંગ્રેસને ઉપપ્રમુખ પદ મળ્યું હતું. કુલ 16 બેઠકમાંથી ભાજપ અને કોંગ્રેસને સમાન 08-08 બેઠક મળતા અહીં પણ ટાઈની સ્થિતિ સર્જાઈ હતી. પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી માટે ચૂંટણી અધિકારીએ ચિઠ્ઠી ઉછાળતા પ્રમુખ પદ ભાજપના શકુંતલાબેન સુભાષભાઈ પાડવીના ફાળે ગયું હતું જ્યારે ઉપપ્રમુખ તરીકે કોંગ્રેસના ઉસ્તરબેન માહલાનીની વરણી કરવામાં આવી હતી.

જ્યારે સુબિર તાલુકા પંચાયતમાં ભાજપે એકતરફી જીત મેળવી હતી. કુલ 16 બેઠકમાંથી ભાજપે 12 બેઠક કબ્જે કરી સ્પષ્ટ બહુમતી મેળવી હતી, જ્યારે કોંગ્રેસને માત્ર 4 બેઠક મળી હતી. ભાજપના સંજયભાઈ જયરામભાઈ પવાર પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે ઉપપ્રમુખ પદે રઘુનાથભાઈ સાવળેની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. હાલમાં ડાંગ જિલ્લાની રાજનીતિમાં ભાજપનો પ્રભાવ યથાવત જોવા મળ્યો છે. જ્યારે કોંગ્રેસ સજીવન બની ઊભી થઈ છે.

## ડાંગ જિલ્લામાં સતત ત્રીજા દિવસે વાદળછાયું વાતાવરણ


ગિરીશ ભોયે

■ સાપુતારા અને સમગ્ર ડાંગ જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું છે. ભરઉનાળે અચાનક બદલાયેલા આ આહ્લાદક મૌસમના કારણે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે, જેના લીધે સ્થાનિક લોકોને ગરમીથી મોટી રાહત મળી છે. આકાશમાં છવાયેલા કાળાડિબાંગ વાદળો અને વહેલી સવારે ગાઢ ધુમ્મસભરી ચાદરને કારણે ચોમાસા જેવો અદ્ભુત માહોલ સર્જાયો છે. ડાંગના ડુંગરાળ વિસ્તારો અને હરિયાળી ખીણો આ વાદળછાયા વાતાવરણમાં વધુ ખીલી ઊઠી છે, જે પ્રકૃતિપ્રેમીઓ માટે એક આનંદમય લ્હાવો બની ગઈ છે. પ્રવાસીઓ માટે સોનામાં સુગંધ ભળવા જેવો ઘાટ સર્જાયો છે. આ મનમોહક હવામાનનો આનંદ માણવા માટે મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ ભાગોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ સાપુતારા તરફ ઉમટી પડ્યા છે.

# વલસાડ જિ. પં.ના પ્રમુખ હેતલ પટેલ, ઉપપ્રમુખ શૈલેષ પટેલ

**વિકાસના** કામોને વધુ વેગવંતા બનાવાશે: હેતલબેન પટેલ



વલસાડ: વલસાડ જિલ્લા પંચાયતની યોજાયેલી સામાન્ય સભા ડાંગ જિલ્લા કલેક્ટર અને ડીડીઓ અતિરાગ ચાપલોતની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં આવનારા અઢી વર્ષ માટે પ્રમુખ તરીકે કાંજણ બેઠકના બિનહરીફ ઉમેદવાર હેતલબેન જી. પટેલ અને ઉપપ્રમુખ માટે ડહેલી બેઠકના શૈલેષભાઈ પટેલની બિનહરીફ વરણી થઈ હતી. નોંધનીય છે કે પ્રમુખ બનેલા હેતલબેન પટેલ વલસાડ તાલુકાના કોસંબા બેઠક ઉપરથી બિનહરીફ વિજેતા થયા હતાં.

વલસાડ જિલ્લા પંચાયતની ચૂંટણી પરિણામમાં કુલ 36 બેઠક પૈકી 32 બેઠક ભાજપે કબજે કરી હતી. જેમાં કડવાડી, દાંતી, કોસંબા, મોહનગામ અને નનકવાડા બેઠક બિનહરીફ થઈ હતી.

જ્યારે બામટી, સિલધા, માંકડબંધ બેઠક કોંગ્રેસે અને સરીગામ બેઠક ઉપર અપક્ષ વિજેતા બન્યા હતા. નવા વરાયેલા પ્રમુખ હેતલબેન પટેલે જણાવ્યું કે, વિકાસના કામોને વધુ વેગવંતા બનાવાશે, લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવા અમારી ટીમ એકજૂથ થઈ સનિષ્ઠ અને સકારાત્મક રીતે કામ કરશે. વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલના નામની જાહેરાત બાદ તેમના પતિ જીતેશ પટેલે પત્નીને બુકે સાથે શુભેચ્છા પાઠવતા પત્નીના હાસ્ય સાથે આંખોમાં હર્ષના આંસુ આવી ગયા હતાં.

આ પ્રસંગે સાંસદ ધવલ પટેલ, સંગઠન પ્રમુખ હેમંત કંસારા સહિત ગુજરાત પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ અને ધરમપુર ધારાસભ્ય અરવિંદ પટેલ સહિત ધારાસભ્યો અને માજી પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા અને નવા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી. આવનારા સમયમાં સૌ સાથે મળી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે કામ કરીશું તેમ જણાવ્યું હતું.

### પ્રમુખ ઉપપ્રમુખની વરણી સભાથી પત્રકારોને દૂર રખાતા વિરોધ

વલસાડ જિલ્લા પંચાયતના હોદ્દેદારોની વરણી કાર્યક્રમનું કવરેજ માટે પહોંચેલા પત્રકારોને ચૂંટણી અધિકારી અને ડાંગ જિલ્લા કલેક્ટર અને વલસાડ ઇન્ચાર્જ દ્વારા આદેશ હોય ફોટા-વિડીયો લઈ બહાર જવું પડશે તેમ જણાવતા પત્રકારોએ સ્થળ ઉપર જ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જેને લઈ સભાની કાર્યવાહી પણ વિલંબમાં પડી હતી. જોકે પત્રકારોની રજૂઆતો છતાં તંત્ર દ્વારા સભા બંધ બારણે યોજાઈ હતી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખના નામની સત્તાવાર જાહેરાત કરાઈ હતી. જોકે સરકારી વિભાગના આ વલણ સામે પત્રકારોમાં નારાજગી જોવા મળી હતી.

### શાસકો સામે આ પ્રશ્નો બનશે પડકાર

જિલ્લા પંચાયતના નવા સુકાની અને નવી ચૂંટાયેલી પાંખ માટે મુખ્યત્વે કપરાડા તાલુકામાં ગંભીર બનેલ પીવાના પાણી મુદ્દો, આરોગ્ય, શિક્ષણમાં ઓરડાની ઘટ, આંગણવાડીઓ મકાનો, કુપોષણ સહિતના પ્રશ્નો પડકારરૂપ બનશે.

### જિલ્લા પંચાયત વરણી બેઠક

કારોબારી અધ્યક્ષ તરીકે પ્રજ્ઞેશભાઈ બળવંતરાય પટેલ (ઉમરસાડી બેઠક), શાસક પક્ષના નેતા તરીકે જયભાઈ મુકુંદભાઈ ત્રિવેદી (પારનેરા બેઠક) અને દંડક તરીકે અનિલાબેન હર્ષદભાઈ જોગારી (આવધા બેઠક)ની વરણી કરાઈ છે.

'કોઈને પણ છોડવામાં આવશે નહીં'

# નવસારી કલેક્ટરનું ખનન માફિયાઓને અલ્ટીમેટમ



**પડઘાથી** આમડપોર સુધી કરોડોની માટી-રેતી ઉલેચાણ મામલે તંત્રમાં દોડધામ શરૂ

**ગૌચર** જમીન, રોયલ્ટી અને મંજૂરી પ્રક્રિયાના કથિત ગોટાળાઓ સામે કલેક્ટર એક્શન મોડમાં

નવસારી: નવસારી જિલ્લામાં એક પછી એક સામે આવતા ખનન સંબંધિત પ્રકરણોએ હવે સમગ્ર વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચાવી દીધી છે. પડઘા તળાવમાંથી કરોડોની માટી અને રેતી ઉલેચાઈ હોવાના ગંભીર આક્ષેપો બાદ મામલો જિલ્લા સંકલન સમિતિ સુધી પહોંચ્યો હતો. દ્રોન સરવે, સ્થળ નિરીક્ષણ અને અન્ય પુરાવાઓ રજૂ થયા હોવાની ચર્ચાઓ વચ્ચે હજુ સુધી કોઈ સત્તાવાર જવાબદારી નક્કી કરવામાં આવી નથી, જેના કારણે સમગ્ર મામલે લોકોમાં ભારે અસંતોષ અને શંકા ફેલાઈ રહી છે.

બીજી તરફ આમડપોર ગામની સરકારી ગૌચર જમીન અને પૂર્ણા નદી પટમાંથી ચાલી રહેલા કથિત ગેરકાયદે ખનન મામલે જિલ્લા કલેક્ટરની સીધી કાર્યવાહી બાદ અંદાજે 15 ડમ્પર અને 5 ફોકલેન્ડ મશીનો જપ્ત કરાતા ખનન લોબીમાં ખળભળાટ મચી ગયો છે. આ કાર્યવાહી બાદ હવે ખાણ-ખનીજ વિભાગ, રોયલ્ટી પ્રક્રિયા, મંજૂરી વ્યવસ્થા અને સ્થાનિક સ્તરે દેખરેખની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. આમડપોર ગ્રામ પંચાયત છેલ્લા એક વર્ષથી વધુ સમયથી ગૌચર જમીનમાં ખનન થતું હોવાની લેખિત રજૂઆતો કરતી રહી હતી. તેમ છતાં સમયસર ડીઆઈએલઆર માપણી કેમ ન થઈ? ક્રિશિયલ રોયલ્ટી ક્યા આધારે અપાઈ? મંજૂર વિસ્તાર કરતાં વધુ ખનન થયું કે નહીં? જેવા અનેક પ્રશ્નો હવે લોકો ખુલ્લેઆમ ઉઠાવી રહ્યા છે. સ્થાનિકોમાં એવી ચર્ચા પણ ચાલી રહી છે કે ખનનના નામે ક્યાંક મોટું ગોટાળું ચાલી રહ્યું હતું અને કેટલાક જવાબદાર અધિકારીઓની ભૂમિકા પણ તપાસના ઘેરામાં આવી શકે છે.

આ સમગ્ર મામલે નવસારી જિલ્લાના નવા જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાણીએ કડક વલણ અપનાવ્યું હોવાનું સામે આવ્યું છે. કલેક્ટર સાથેની ટેલિફોનિક વાતચીત દરમિયાન તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે પડઘા અને આમડપોર બંને પ્રકરણો તેમના ધ્યાન પર આવ્યા છે અને નિષ્પક્ષ તપાસ માટે અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી છે. કલેક્ટરે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે, તપાસમાં જે કોઈ જવાબદાર જણાશે તેની સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. કોઈને પણ છોડવામાં આવશે નહીં. કલેક્ટરના આ નિવેદન બાદ હવે સમગ્ર જિલ્લાની નજર તપાસ રિપોર્ટ અને આગળ થનારી કાર્યવાહી પર ટકેલી છે.

# પાનોલી પાસે ટ્રેક્ટર અડફેટે બાળકનું મોત

અંકલેશ્વર: પાનોલીના ઓવરબ્રિજ પાસેના સર્વિસ રોડ પર સાઇકલ લઈને પસાર થઈ રહેલાં સગીરને ટ્રેક્ટર ચાલકે ટક્કર મારી હતી. ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ટ્રેક્ટરના તોતિંગ પૈડા સાયકલ સવાર પર ફરી વળ્યાં હતાં. અકસ્માત બાદ ટ્રેક્ટરનો ડ્રાઇવર ફરાર થઇ ગયો હતો.

મૂળ બિહારના વતની અને હાલ પાનોલીના અશરફ નગરમાં રહેતો ઇબરાર મોહંમદ મકસુદ શેખ (ઉ.વ. 12) તત્ર રોજ બપોરના સમયે પાનોલી રેલ્વે ઓવરબ્રિજ પાસેના સર્વિસ રોડ પર સાયકલ ચલાવી રહ્યો હતો. ત્યારે ટ્રેક્ટર ચાલકે ઇબરારને જોરદાર ટક્કર મારી હતી. જેમાં તેનું મોત થયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડમાં ઇદગાહ ખાતે ઇદની નમાઝ સવારે 7 વાગે પઢાશે

વલસાડ: વલસાડ ભાગડાવડા ઇદગાહ ટ્રસ્ટના પ્રમુખ સદરુદ્દિન એન. કાઝી (સિનિયર એડવોકેટ)ના પ્રમુખપણા હેઠળ મસ્જિદ એ ફાતિમા બેચર રોડ વલસાડ ખાતે ટ્રસ્ટની બેઠક મળી હતી. 8.5.2026ના ગુરુવારના રોજ ઇદ મનાવવામાં આવશે. ઇદની નમાઝ સવારે 7 કલાકે ઇદગાહમાં રાખવામાં આવી છે. જેમાં કાઝી અશરફ ચાચાવાળા બયાન ફરમાવશે અને ઇદની નમાઝ હાફિઝ સદ્દામ કાઝી પઢાવશે. બેઠકમાં સેક્રેટરી ઝાકિર દરિયાઈ, ઝાકીર પઠાણ, લતીફ શેખ, ઇરફાન કાદરી, યુસુફભાઈ ઝરીવાલા, અહમદ ગુલામ શેખ, રમઝાન સચદ, આકિબ મલિક, જુનેદ કાઝી, જમીર શેખ, કલીમ હસન અલી, મોહમદસાહેબ વલી, ઈર્શાદ કાઝી, યાકુબ મલેક સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### ગણદેવી તાલુકા સેવા ટ્રસ્ટ દ્વારા કેરિયર ગાઇડન્સ સેમિનાર યોજાયો


કેરસી બારીયા

બીલીમોરા: ગણદેવી તાલુકા સેવા ટ્રસ્ટ દ્વારા સર સી.જે. ન્યૂ હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે કેરિયર ગાઇડન્સ સેમિનાર તથા કાઉન્સેલિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતની સાર્વજનિક યુનિવર્સિટીના રજિસ્ટ્રાર તથા કુશળ કાઉન્સેલર આશિષભાઈ દેસાઈ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં ગણદેવી તાલુકા સેવા ટ્રસ્ટના પૂર્વ પ્રમુખ અશોકભાઈ પટેલે વક્તાનું સ્વાગત કરી આજના સ્પર્ધાત્મક યુગમાં કેરિયર ગાઇડન્સનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ આશિષભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને યોગ્ય કારકિર્દી પસંદગી માટે જરૂરી માર્ગદર્શન આપતાં ધો.૧૦'મા અને ધો.૧૨'મા બાદ ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો, કારકિર્દીના ક્ષેત્રો અને ભવિષ્યની તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે વાલીઓએ પણ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરી કરી માર્ગદર્શન મેળવ્યું હતું. ગણદેવી તાલુકા સેવા ટ્રસ્ટના ડૉ. મોહનભાઈ પટેલ, મંત્રી અલ્પાબેન પટેલ, અન્ય ટ્રસ્ટીઓ તથા સભ્યો અને હાઇસ્કૂલના આચાર્ય વિનોદભાઈ કટારીયા ઉપસ્થિત રહ્યા હતા.

### વાપી ભડકમોરામાં વાસણ માંજવા બાબતે મહિલાને માર મરાયો

વાપી: વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના ભડકમોરા, મોટી સુલકમાં ઇન્દુબેન અશોકભાઈ પટેલ (ઉ.વ.56) રહે છે. ગત તા.23-5-26 ના રોજ રાત્રીકે વાગ્યાની આસપાસ ઘર આંગણે વાસણ માંજતી હતી ત્યારે ઘરની બાજુમાં જ રહેતા જેઠ રમેશ નારણભાઈ પટેલે વાસણ માંજવા બાબતે ઝઘડો કરી બીજે ક્યાંક જઈ ધોવો તેમ કહ્યું હતું અને ઘરમાંથી લાકડો લઈ આવી વાસણ મૂકેલા કરેટ પર મારી તોડી નાંખ્યું હતું અને તેઓને હાથના ભાગે મારી હતી. ઇજાગ્રસ્તને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી. આ બનાવ અંગેની ફરિયાદ ઇન્દુબેને વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

### વાપીમાં બાઇક ચોરીમાં રીઢો આરોપી ઝડપાયો

વાપી: વાપી ના કોપરલી રોડ પર વૈશાલી ટોકીઝની સામે આવેલ રોઝી ટાવર ફ્લેટના પાર્કિંગમાંથી હોન્ડા સીબી હોર્નેટ 160R જેની કિંમત રૂ.૨૦,૦૦૦ ની મોટરસાઇકલ ચોરી થઈ હતી. આ ગુનામાં વાપી પોલીસે શ્રીકેશ ઉર્ફે પોલુ રાકેશ સીંગ (ઉ.વ.૨૭, રહે., ૩૦૨, વૈભવ લક્ષ્મી બિલ્ડિંગ, હરીયા પાર્ક, ડુંગરા, તા. વાપી)ને ચોરીની બાઇક સાથે ડુંગરા ખાતેથી ઝડપી પાડ્યો હતો. પકડાયેલો આરોપી શ્રીકેશ ઉર્ફે પોલુ સામે અગાઉ ડુંગરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત, પ્રોહિબિશન એક્ટ (દારૂનો ગુનો), જી.પી. એક્ટ, ધાડની તૈયારી, ગુનાહિત પડયંત્ર તેમજ આર્મ્સ એક્ટ હેઠળ ચાર ગુનાઓ નોંધાયેલા છે. આ ઉપરાંત, વાપી જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં પણ તેની સામે અપહરણ, ધાકધમકી અને મારામારીનો ગુનો નોંધાયેલ ચૂક્યો છે.


નિલેશ કાપડિયા

# વાંસદાના બારતાડ ગામે આંગણવાડી નજીક યમલોક જેવા ખુલ્લા ખાડકૂવા

**કોન્ટ્રાક્ટરની** બેદરકારીના પગલે નાના બાળકોને જીવનું જોખમ

વાંસદા: વાંસદાના બારતાડ ગામે આંગણવાડીની બિલકુલ નજીક ખાડકૂવા અને સેફ્ટી ટેન્કના ઢાંકણ નહીં લાગતા બાળકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. કોન્ટ્રાક્ટરની બેદરકારીભરી કામગીરી સામે ગ્રામજનોમાં રોષ સાથે વહેલી તકે ઢાંકણ મૂકવાની માંગ ઊભી થઈ છે.

વાંસદા તાલુકાના ઉનાઈ/બારતાડ ગામે આંગણવાડીના નવનિર્માણ કાર્ય દરમિયાન ગંભીર બેદરકારી સામે આવી છે. આંગણવાડીના નિર્માણ સ્થળે બનાવાયેલા ખાડકૂવા તેમજ સેફ્ટી ટેન્ક લાંબા સમયથી ખુલ્લી અવસ્થામાં જોવા મળી રહ્યા છે, આંગણવાડીમાં દરરોજ નાના બાળકોની અવરજવર રહેતી હોવાથી આવા ખુલ્લા ખાડા અને ઢાંકણ વગરની સેફ્ટી ટેન્ક કોઈપણ સમયે ગંભીર અકસ્માતનું કારણ બની શકે તેમ છે. જેમાં અહીં આંગણવાડી નજીક રમતા નાના બાળકો માટે વરસાદી વાતાવરણ દરમિયાન આ ખુલ્લા ખાડકૂવા અને ટાંકી વધુ જોખમી બની રહેતી હોવાનું ગ્રામજનો દ્વારા જણાવાય રહ્યું છે. આ પ્રકારની કોન્ટ્રાક્ટરની કામગીરીને લઈ સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. કામગીરી દરમિયાન જરૂરી સુરક્ષા વ્યવસ્થા કે ચેતવણી બોર્ડ પણ મૂકવામાં આવ્યા નથી. ગ્રામજનો દ્વારા સંબંધિત વિભાગ અને જવાબદાર કોન્ટ્રાક્ટર સામે તાત્કાલિક પગલાં ભરી ખાડકૂવા અને સેફ્ટી ટેન્કને તાત્કાલિક ઢાંકવા તેમજ ચેતવણી બોર્ડ મૂકવા માટેની માંગ ઊઠી છે.

# ગણદેવીના કાંઠા વિભાગમાં વરસાદી અને પૂરના પાણીથી ગંભીર અસર

**નવસારી** જિલ્લા કલેક્ટર સમક્ષ કાયમી ઉકેલ માટે ગ્રામજનોની માંગ


કેરસી બારીયા

બીલીમોરા: ગણદેવીના કાંઠા વિભાગના છાપર, કલમઠા, ભાઠા, મોરલી, દેવધા, તલીયારા, સરિખુર્દ, સરીબુજરંગ, કોથા અને વાસણ સહિતના ગામોમાં છેલ્લા દસ વર્ષથી વરસાદી અને પૂરના પાણી ભરાવાની ગંભીર સમસ્યા યથાવત છે. કાંઠા વિભાગ પિયત સહકારી મંડળી-ભાઠા અને વિસ્તારના આગેવાનો દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાયમી ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ મેંધર-ભાટ દરિયાઈ ખાડી વિસ્તારમાં આડેધડ બનાવાયેલા મત્સ્ય તળાવો, રસ્તા અને બાંધકામોને કારણે કુદરતી પાણીના માર્ગો બંધ થઈ ગયા છે. જેના કારણે વરસાદી પાણી દિવસો સુધી ગામોમાં ભરાઈ રહે છે અને જનજીવન, ખેતી, પશુપાલન તથા વાહનવ્યવહાર ઉપર ગંભીર અસર પડે છે. આવેદનમાં ઝમુર ખાડી, દેવ ખાડી, ધોલહરો, ભાલહરો, સપલોહરો, પાવરીયું સહિતના કુદરતી કાંઠા ઓને ખુલ્લા કરી દરિયા સુધી કેનાલ બનાવવા, પાણીના માર્ગોમાં થયેલા અતિક્રમણ દૂર કરવા તથા નિર્માણાધીન કોસ્ટલ હાઈવે ઉપર પાણીના નિકાલ માટે જરૂરી નાના-મોટા પૂલો બનાવવા માંગ કરવામાં આવી છે. ગ્રામજનોએ કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

### ચીખલીના બલવાડામાં જૂની અદાવતમાં યુવક પર ત્રણ શખ્સનો હુમલો

ઘેજ: ચીખલીના તેજલાવ પટેલ ફળિયા ખાતે રહેતા યશ જયસુખ પટેલ (ઉ.વ.૨૩)ના નામે હેમીલ ધર્મેશભાઈ પટેલે તેની બહેનને આપવા માટે સુઝુકી એક્સેસ મોપેડ લીધી હતી. જે મોપેડના હપ્તા હેમીલ ભરતો ન હોય જે બાબતે અગાઉથી બોલાચાલી ચાલતી હતી. દરમ્યાન શનિવારની રાત્રિ અભી જયસુખભાઈ પટેલ અને તેના બે મિત્ર સાથે બલવાડા નેશનલ હાઇવે સ્થિત હોટલમાં જમીને બહાર નીકળ્યા ત્યારે હેમીલ ધર્મેશભાઈ પટેલ (રહે., છરવાડા તા.જિ.વલસાડ), આકાશ બહાદુર પટેલ (રહે., તેજલાવ આશ્રમ ફળિયા, તા.ચીખલી), જય રમેશભાઈ પટેલ (રહે., બલવાડા નિશાળ ફળિયા, તા.ચીખલી)એ હુમલો કરી માર માર્યો હતો. અભીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ભીલાડના ડેહલીમાં મોટા ભાઈએ નાનાભાઈ અને તેની પત્નીને માર મારી

ઉમરગામ: ઉમરગામના ડેહલી મુળાપાડા ફળિયામાં ફરિયાદી ગણેશ રામરાજ જૈસવાલ પોતાના પરિવાર સાથે રહે છે. બાજુમાં જ તેમના મોટાભાઈ શ્યામ પરિવાર સાથે રહે છે. 20 મેના રોજ સવારે પાણીની ટાંકીમાંથી ભરાયેલું ટાંકીનું પાણી નીચે પડતા મોટાભાઈ શ્યામ રામરાજ જૈસવાલ, ભાભી ગાયત્રી તથા ભત્રીજા આવી બોલાચાલી કરવા લાગ્ય હતા અને ફરિયાદી ગણેશભાઈને તથા તેની પત્નીને ઢીક મૂકીનો માર મારી લાકડાથી એક ફટકો માથામાં મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જતાં રહ્યા હતા. ભીલાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દરિયાના ધસમસતા ખતરા સામે ઓંજલ-માછીવાડને મજબૂત કવચ



નવસારી: દરિયાઈ ભરતી અને સતત વધતા ધોવાણથી વર્ષોથી સંકટનો સામનો કરતા જલાલપોર તાલુકાના ઓંજલ-માછીવાડ ગામ માટે હવે રાહતના સમાચાર સામે આવ્યા છે. ગામના અસ્તિત્વ અને દરિયાકાંઠાના રક્ષણ માટે રૂપિયા ૮ કરોડથી વધુના ખર્ચે બનનારી નવી સંરક્ષણ દિવાલના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત સોમવારે ધારાસભ્ય આર.સી. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. દર વર્ષે ચોમાસા દરમિયાન ભારે ભરતીના કારણે દરિયાનું પાણી ગામ તરફ ઘસી આવતું હતું. અનેક વખત પાણી ઘરો સુધી પહોંચી જતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાતો હતો. દરિયાના સતત ધોવાણના કારણે ખેતીની જમીન અને રહેણાંક વિસ્તાર માટે પણ ખતરો ઉભો થયો હતો. ધારાસભ્ય આર.સી. પટેલ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ ગંભીર રજૂઆત કરાયા બાદ જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ સ્થળ મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ સરકાર દ્વારા આ કામગીરીને પ્રાથમિકતા આપી મંજૂરી આપવામાં આવી હતી.